# સાહિત્ય અને સંકેત

ધીરુ પરીખ

સાહિત્યનું વાહન ભાષા છે એ ભાગ્યે જ કહેવાનું હોય. પણ આ ભાષાનું સાહિત્યમાં વિવિધ રીતે રૂપાંતર થતું હોય છે. આમાંની એક રીત છે તે સંકેત. સકેતનો એક અર્થ છે ઇશારો અને નિશાની. તો બીજો અર્થ છે છૂપો વાયદો કે ઇશારો. આપણે એમ કહીએ છીએ કે એનો એટલે કે કોઈ બોલનારનો સંકેત એટલે કે ઇશારો અમુક પ્રકારનો કે અમુક તરફનો હતો. તો શબ્દકોશ એમ પણ જણાવે છે કે સંકેત એટલે અમુક શબ્દથી અમુક અર્થનો કે વિચારનો બોધ કરાય છે. આવી ભાષાને આપણે સાંકેતિક ભાષા કહીએ છીએ. દાખલા તરીકે એક વ્યક્તિ બીજી વ્યક્તિ વિષે એવો અભિપ્રાય આપે કે 'તે વ્યક્તિ માખણ લગાવે છે,' ત્યારે ત્યાં માખણ લગાવવાનો શબ્દાર્થ કરાતો નથી પણ એનો સંકેતાર્થ કરાય છે. માખણ લગાવે છે એટલે કે ખુશામત કરે છે એવું આપણે જે સમજીએ છીએ તે આ માખણ લગાવવાનો સાંકેતિક અર્થ છે.

જ્યારે ભાષાનો આમ સાહિત્યિક સ્તરે ઉપયોગ થાય છે ત્યારે તે સદા સાંકેતિક હોય તેવું ના પણ બને. આથી સંકેતાર્થક ભાષા જ સાહિત્ય ગણાય એવી ગેરસમજ તો ના જ થવી જોઈએ. કાન્તે એમના 'સાગર અને શશી' નામક કાવ્યમાં વગર સાંકેતિક ભાષાએ રમ્ય પ્રાકૃતિક દશ્ય ઊભું કરી આપ્યું છે, જે ગુજરાતી કાવ્યસાહિત્યમાં અજોડ કહી શકાય તેવું છે. ભાવનગર પાસે ગોપનાથના સાગરતટે પૂર્ણિમાની રાતે જે જળછોળ-ઉછાળ એમણે જોયો અને આસપાસનું વાતાવરણ એમાં જે રીતે પૂરક બન્યું તે સાદીસીધી ભાષામાં પણ લયાનંદ આપી રહે છે અને શબ્દચિત્રાંકનનો પણ આનંદ આપી રહે છે,

**'જલધિજલદલ ઉપર દામિની દમકતી,**<br>
**યામિની વ્યોમસર માંહિં સરતી;**<br>
**કામિની કોકિલા, કેલીકૂજન કરે,**<br>
**સાગરે ભાસતી ભવ્ય ભરતી;**<br>
**પિતા! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!**<br>
**તરલ તરણી સમી સરલ સરતી,**<br>
**પિતા! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!'**

અહીં જોઈ શકાશે કે ભાષામાં કવિએ કોઈ સંકેતો મૂક્યા નથી. વર્ણસગાઈ અને લયસફાઈ દ્વારા નિશાકાળે સાગરપર ઊછળતી ભરતી અને આસપાસમાં કોકિલાનું કામોત્તેજક કૂજન કાવ્યને રસાર્દ્ર બનાવે છે.

તો મહાભારતનો આ અર્થસભર શ્લોક જુઓ કે જેમાં કોઈ પણ પ્રકારની સાંકેતિક પ્રયુક્તિ વગર એક સનાતન વાત રજૂ કરવામાં આવી છે :

'न विधिं ग्रसते प्रज्ञा प्रज्ञां तु ग्रसते विधिः ।
विधिपर्यागतानर्थान् प्राज्ञो न प्रतिपद्यते ॥'

અર્થ થાય છે : 'બુદ્ધિ વિધિને પહોંચી વળી શકતી નથી, પરંતુ બુદ્ધિને તો વિધિ પહોંચી જ વળે છે. વિધિ દ્વારા આવેલા અર્થોને બુદ્ધિવાળો જાણી શકતો નથી.'

તો વળી કાન્તના જ એક ખંડકાવ્ય 'વસંતવિજય'માં માનવમન પર પ્રકૃતિની કેવી અસર થાય છે તે દર્શાવવા કવિએ વાસંતી વાતાવરણ વર્ણવ્યું છે તેની અત્રે માત્ર બે પંક્તિઓ જ જુઓ :

**'ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય,**
**ચોપાસે વલ્લિઓથી પરિમલ પ્રસરે, નેત્રને તૃપ્તિ થાય;'**

અહીં કવિ શબ્દોનો કોઈ સાંકિતેક પ્રયોગ કર્યા વગર જ શબ્દસૌંદર્ય અને કાવ્યાનંદનો અનુભવ કરાવે છે. વાસંતી વાતાવરણની અસર કાવ્યનાયક પર કેવી થઈ છે તે દર્શાવવા કામોત્તેજક વાસંતી પ્રકૃતિનું સ-રસ વર્ણન અભિધા દ્વારા જ કર્યું છે. પ્રથમ પંક્તિના પ્રથમ બે પદના ચાર ગુરુ અક્ષરો પવનની ધીમી ગતિની કેવી સરસ રજૂઆત કરે છે!

આમ, કવિતા કે કોઈ પણ સાહિત્યસ્વરૂપમાં અભિધામૂલક શબ્દાવલીનો સર્જનાત્મક વિનિયોગ જેમ રસાનંદ આપી રહે છે તેમ સંકેતમૂલક શબ્દાવલિનું પણ છે. કવિના આ સંકેતમૂલક શબ્દવિન્યાસો કલ્પન કે પ્રતીકાયોજન દ્વારા વિશિષ્ટ પ્રકારનો રસાનંદ આપી રહે છે. યાદ કરો હરિહર ભટ્ટનું સુપ્રસિદ્ધ ગીત :

**'એક જ દે ચિનગારી મહાનલ!**
**એક જ દે ચિનગારી.**
**ચકમક લોઢું ઘસતાં ઘસતાં**
**ખરચી જિંદગી સારી;**
**જામગરીમાં તણખો ન પડ્યો,**
**ન ફળી મહેનત મારી.'**

કાવ્યનાયક ચલમ પીએ છે. એ ચલમમાં તમાકુ તો ભરી છે, પણ જ્યાં સુધી તે સળગે નહીં ત્યાં સુધી તેને પીવાનો કસ ક્યાંથી આવે? આ એ જમાનાની વાત છે કે જ્યારે ચકમકના પથ્થરને લોખંડ સાથે ઘસીને તણખા ઉત્પન્ન કરી તે દ્વારા અગ્નિ ઉત્પન્ન કરાતો. અહીં આમ કરીને અગ્નિ પેટાવી જામગરીને સળગાવી તે દ્વારા ચલમમાંની તમાકુ સળગાવીને ફૂંકવાની વાત છે. પણ કવિ સ્થૂળ જામગરીને સળગાવવામાંથી વાત જુદી દિશામાં લઈ જાય છે એમ કહીને કે 'ખરચી જિંદગી સારી'. અહીં 'ખરચી' ક્રિયાપદ દ્વારા સાંકેતિક રીતે વાપરી નાખી, નિરર્થક વેડફી નાખી એમ કહી કવિ જીવનની નિષ્ફળતા વિશે વાત કરવા માગે છે. આમ, સાંકેતિક રીતે સ્થૂળ સામગ્રી–ચિનગારી, ચકમક, લોઢું, જામગરી–નો ઉલ્લેખ કરી પ્રતીકાત્મક રીતે નિષ્ફળ

જતા જીવનનો સંકેત રચી આપે છે, 'ખરચી' દ્વારા વેડફી નાખીનો સંકેત રચી આપે છે. અને આ કોઈ 'મહાનલ' પાસે એક નાની ચિનગારી માગીને જીવનરૂપી ચલમને માણવાની જે વિનંતી છે તે 'મહાનલ' એટલે કે અગ્નિસ્વરૂપ પરમ તત્ત્વને વિનંતી કરવામાં આવી છે. આમ, સાંકેતિક રીતે આ જીવનનું કાવ્ય બની રહે છે.

તો વળી રાજેન્દ્ર શાહના એક કાવ્યમાં નાયક કહે છે :

**'કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે,**
**મૂઈ રે એની મ્હેક, કલેજે દવ ઝાઝેરો લાગ્યો રે.'**

અહીં વનવગડામાં અડવાણે પગે ચાલતાં ચાલતાં ક્યાંકથી કેવડાનો કાંટો વાગે છે. આમ તો આ ઘટના પીડા પહોંચાડનારી છે. પણ પછી કવિ બીજી પંક્તિના આરંભે જે ઉદ્‌ગાર મૂકે છે – મૂઈ રે એની મ્હેક – તે પીડા નહીં પણ જાણે આનંદની સંવેદના વ્યક્ત કરી જાય છે. અને પછી પેલો કેવડાનો કાંટો સાંકેતિક રૂપે કોઈ પ્રેમાનુભવનું સાધન બની રહે છે. અહીં પ્રકૃતિના પરિવેશ દ્વારા માનવહૃદયની પ્રેમાનુભૂતિની કોઈ અદ્‌ભુત ક્ષણનું સાંકેતિક વર્ણન અપાયું છે.

બત્રીસ વર્ષની નાની વયે ચિરવિદાય લેનાર અમેરિકાના ન્યૂ જર્સી ખાતે ન્યૂ બ્રુન્સવિકના કવિ જોય્સ કિલ્મરનું 'થેન્ક્સગિવિંગ' નામનું એક કાવ્ય પ્રભુ પ્રત્યેના ઉપકારનું સીધુસાદું સંકેતો વગરનું એક સરસ કાવ્ય છે. અમેરિકામાં 'થેન્ક્સગિવિંગ'નો દિવસ ઊજવાય છે ત્યારે આ એક સૈનિક કવિ કોનો અને કેવી રીતે આભાર માને છે? જૉન બન્કર માટે લખાયેલા આ કાવ્યનો પ્રથમ અંતરો આ પ્રમાણે છે :

'The roar of the world is in my ears,
Thank God for the roar of the world!
Thank God for the mighty tide of fears
Against me always hurled!'

**'દુનિયાની બુમરાણ મારા કર્ણમાં છે**
**આ બુમરાણ માટે પ્રભુનો આભાર!**
**મારા તરફ હંમેશાં ફેંકાતી ભયની ભરતી**
**માટે પણ પ્રભુનો આભાર!'**

કાવ્યનાયક પોતાના તરફ જગત તરફથી જે બુમરાણ મચાવાય છે, જે ભય તોળાય છે તે માટે પ્રભુનો આભાર માને છે. અરે, બીજા અંતરામાં તો કવિ જગતની કટુતા પ્રત્યે વધુ સચોટ રીતે આગળ વધે છે :

'Thank God for the bitter and ceaseless strife,
And the sting of this chacening rod!
Thank God for the stress and the pain of life,
And Oh, thank God for God!'

'કટુ અને કાયમ ચાલતી લડત માટે પ્રભુનો આભાર,
અને સુધારણા માટે ઉગામાયેલા એના દંડાના ડંખ માટે આભાર!
જીવનના સંઘર્ષ અને દબાણ માટે પણ પ્રભુનો આભાર,
અને ઓહ! પ્રભુનો પ્રભુ ખાતર આભાર!'

ટૂંકમાં કવિને મળેલી જગત તરફથી કટુતા અને કટ્ટરતા એ પણ પરમાત્માની જ દેણગી છે એવો ઉમદા વિચાર અને આમ લૌકિક 'થેન્ક્સગિવિંગ'ના દિવસે અલૌકિક થેન્ક્સગિવિંગ કવિ મનાવે છે એ એમની ઉમદા ભાવના કોઈ પણ સંકેતો વગર સીધેસીધી રીતે અહીં શાબ્દિક અભિવ્યક્તિ પામી છે. કદાચ કોઈ સંકેત ન હોવો તે જ જાણે ભાષાનો મોટો સંકેત છે!

કિલ્મરનું બીજું કાવ્ય સાંકેતિક રીતે ચાલે છે. એ કાવ્યનું નામ છે : 'TREES' – વૃક્ષો :

'I think that I shall never see
A poem lovely as a tree.
A tree whose hungry mouth is pressed
Againt the earth's sweet flowing breast :
A tree that looks at God all day
And lifts her leafy arms to pray;
A tree that may in summer wear
A nest of robins in her hair;
Upon whose bosom snow has lain;
Who intimately lives with rain.
Poems are made by fools like me,
But only God can make a tree.'

મને લાગે છે કે વૃક્ષ જેવું સુન્દર
કાવ્ય મને કદી જોવા મળશે નહિ.
ભૂખ્યા વૃક્ષનું મોં
મીઠું ધાવણ વહાવતી ધરતીનાં સ્તન
ભણી વળેલું છે :
વૃક્ષ આખો દિવસ પ્રભુ પ્રતિ નિહાળ્યા કરે છે
અને તેના પર્ણાચ્છાદિત હસ્ત પ્રાર્થના માટે ઊંચકાયેલા રહે છે;
વૃક્ષ ગ્રીષ્મમાં પોતાના કેશમાં
ચકલીઓના માળા બાંધે છે;

**તેની છાતી પર હિમ છવાયેલો હોય છે;**
**જે વર્ષા સાથે નૈકટ્યથી રહે છે.**
**કાવ્યો તો મારા જેવા મૂર્ખાઓ સર્જે છે,**
**પણ વૃક્ષ તો માત્ર પ્રભુ જ સર્જી શકે છે.**

કવિનો વૃક્ષપ્રેમ આ કાવ્યમાં અદ્‌ભુત સાંકેતિક રીતે અભિવ્યક્ત થયો છે. ૩૦૦ વર્ષ પુરાણા પૈતૃક ઓક વૃક્ષને જોઈ તે વૃક્ષમાં પરમાત્માને નિહાળે છે. વૃક્ષને એ પ્રભુના કાવ્ય તરીકે નિહાળે છે અને બિરદાવે છે. વૃક્ષની પલ્લવાચ્છાદિત ઊંચી ડાળીઓ જાણે દિવસરાત પ્રભુની પ્રાર્થના કરે છે, અને તેનાં મૂળ ધરતીમાં ધરબાયેલાં છે જે ત્યાંથી જીવનરસ સમાન પાણી ખેંચે છે. આ ધરતીને તે વૃક્ષની માતા ગણે છે અને વૃક્ષ પોતાના મૂળિયાંરૂપી મુખથી ધરતીમાતાનું સ્તનપાન કરે છે. આથી કવિ અંતે કહે છે કે કાવ્યો તો ભલે મારા જેવો મૂર્ખ કવિ સર્જતો હોય પણ વૃક્ષ તો માત્ર ને માત્ર પરમાત્મા જ સર્જી શકે છે. અને કવિનો પ્રભુ પ્રત્યેનો ઉચ્ચતમ આદરભાવ એવો છે કે તે કહે છે:

**'Poems are made by fools like me,'**

મીરાંએ પણ સાંકેતિક પરિભાષાનો સુંદર પ્રયોગ કર્યો છે :

**'મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું.'**

અહીં એણે આત્માને હંસ કહ્યો છે કારણ કે તે હંસ જેવો કોઈ પણ ડાઘ વગરનો શ્વેત છે, અને શરીરને દેવળ. શરીર સ્થૂળ છે એટલે તે જીર્ણ બને છે પણ માંહ્યલો આત્મારૂપી હંસ તો અવિકારી છે એટલે તે તો યથાવત્ નાનો જ રહે છે! નરસિંહે પણ આવી જ રીતે સાંકેતિક પદાવલીનો ઉપયોગ કર્યો છે :

**'ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં**
**અંતે તો હેમનું હેમ હોયે.'**

જેમ સુવર્ણ એ તત્ત્વ રૂપે તો ઘાટવિહીન સુવર્ણ ધાતુ જ છે. પણ જ્યારે સોની એને કનકકુંડળમાં ઢાળે છે ત્યારે તેને તે પ્રમાણે નામ મળે છે. પણ એ આકાર નાશ પામતાં તો પાછું સુવર્ણ જ રહે છે. કવિ આ રૂપક-દૃષ્ટાન્ત દ્વારા એમ સમજાવવા માગે છે કે આ પૃથ્વીલોકમાં આપણે સૌ દેહધારીઓ અલગ અલગ નામરૂપથી ઓળખાઈએ છીએ. પણ તેમાંનો આત્મા તો આકારવિહીન, ઘાટવિહીન સુવર્ણ તત્ત્વ જેવો જ છે.

આ રીતે સાહિત્યમાં સાંકેતિકતાનો સુંદર મહિમા થયેલો છે. સાહિત્યની ભાષાશૈલી સાદીસીધી પણ હોઈ શકે છે તો બીજી તરફથી અલંકાર, કલ્પના, કલ્પન, પ્રતીકથી માંડિત એવી સંકેતોથી સભર પણ હોઈ શકે છે.